# એક ડગલું ભરો



વરાહનગર મઠમાં શ્રીરામકૃષ્ણદેવના ત્યાગી શિષ્યોએ વિધિવત્ સંન્યાસ ગ્રહણ કર્યો. સંન્યાસીઓ હંમેશાં નવું નામ ધારણ કરે છે. નરેન્દ્રનું નવું નામ હતું સ્વામી વિવેકાનંદ. હવેથી આપણે એમને સ્વામીજી કહીશું. વિશાળ ભારત દેશના વિવિધ પ્રદેશોના લોકોના ભિન્ન ભિન્ન રીતરિવાજ, ધર્મ, સંસ્કૃતિ વગેરેને નજરે જોવાની અને જાણવાની ઈચ્છાથી સ્વામીજીએ ભારતની યાત્રાએ જવાનો નિર્ણય કર્યો.

તેઓ તો નીકળી પડયા પગપાળા ભારતભ્રમણ કરવા. એક જોડી કપડાં, કમંડળ, થોડાં પુસ્તકો અને દંડ આટલી વસ્તુઓ જ એમણે સાથે રાખી. અનેક ગામડાંઓ અને શહેરો એમણે વટાવ્યાં. જ્યાં જગ્યા મળે ત્યાં, ઝાડ નીચે પણ તેઓ સૂઈ રહેતા. ભિક્ષામાં જે કંઈ મળે તે ખાઈ લેતા. કોઈકવાર ઝૂંપડીમાં રહી જાય તો કોઈ વાર રાજમહેલમાં !

સ્વામી વિવેકાનંદ ફરતાં ફરતાં હિમાલય પહોંચી ગયા. ત્યાંની ઉબડ-ખાબડ ભૂમિ પસાર કરતાં સ્વામીજી ચાલતા જતા હતા. એક પહાડના ઊંચા ચઢાણ પાસે સ્વામીજીએ એક દુ:ખી, ક્ષીણ અને હતાશ વૃદ્ધને ઊભેલો જોયો. સ્વામીજીને જોઈને તેનો હતાશ સ્વર જાગી ઊઠયો : ‘મહારાજ, આટલો લાંબો પંથ હું કેવી રીતે પૂરો કરીશ ? હું તો હવે એક પગલું પણ ચાલી શકું તેમ નથી. મારી છાતી ફાટી પડે છે.’

સ્વામીજીએ તેમને કહ્યું : ‘તમે તમારા પગ તરફ નજર કરો. પાછળ જે પૃથ્વી તમારા પગ તળે આવી છે તેને તમે એક એક ડગલું ભરીને પાર કરી ચૂકયા છો તમારી સામે જે રસ્તો દેખાય છે તે પણ એવી જ રીતે આપ જલદી પાર કરી જશો. ’ સ્વામીજીની વાતો સાંભળીને વૃદ્ધની નિરાશા ગાયબ થઈ ગઈ અને બાકી રહેલો રસ્તો પૂરો કરવા માટે તે વૃદ્ધે એક ડગલું ભર્યું અને આગળ ચાલવા લાગ્યો.

સંકલન : જ્યોતિબહેન થાનકી